Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 7, Issue 2, October 2021

# ગુજરાતી કાવ્ય સાહિત્યમાં ગાંધી વિચાર

**ડૉ. મિનેશકુમાર ભારુભાઈ ડામોર**

**આસીસ્ટન્ટ પ્રોફેસર**

**શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ.**

સત્યનાસાધક, અહિંસાના ઉપાસક આધુનિક ઋષિ એવા પૂજ્ય બાપુનો પ્રભાવ રાજકારણ, અર્થકારણ, ધર્મ – અધ્યાત્મ, સાહિત્ય – એમ જીવનને સ્પર્શતા તમામ પાસાઓમાં વર્તાય છે. દક્ષિણ આફ્રિકાથી પરત આવી તેમણે સમગ્ર ભારતનું ભ્રમણ કર્યું. સમાજ જીવનની સઘળી હકીકત અંકે કરી. ગાંધીજીના આગમનકાળે ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગ પ્રવર્તનમાન હતો. ગુજરાતી સાહિત્યના પરિશીલન થી બાપુને એ પ્રતીત થયું કે સાહિત્ય મુઠ્ઠીભર માણસો માટે જ સર્જાય છે. રજવાડી, શ્રીમંતઅને શિક્ષિત સમાજના પ્રતિનિધિઓ જ બહુધા નાટક અને વાર્તાઓનું નાયક પદ શોભાવતાં. સંયુક્ત હિંદુ કુટુંબના પ્રશ્નો, દેશી રાજ્યની ખટપટ, ભણેલાં યુવક – યુવતીઓનો પ્રેમ વ્યવહાર, ગહન તત્વચર્ચા, પ્રકૃતિના ભવ્ય – ગહન અને કોમળ અંગો, પ્રણયના સંભોગ – વિપ્રલંભના સંવેદનો, પ્રભુભક્તિની પરંપરિત ધારા, દામ્પત્ય ને સ્વદેશભક્તિ ના સ્ત્રોતો અને સમાજ સુધારાનો ઉપદેશ વગેરે કવન વિષય હતાં. ગાંધીજીના પ્રભાવથી પંડિતયુગે લાદેલી આ સીમાઓનો લોપ થયો. તેમણે દલિત, પીડિત, ગ્રામીણ શ્રમજીવી અને અસ્પૃશ્ય ગણાતા વર્ગની શિષ્ટ સમાજ તરીકેની પ્રતિષ્ઠા કરી એટલે સાહિત્યમાં તેમના જીવનના પ્રશ્નો અને પ્રસંગો રોજીંદી ભાષામાં વાસ્તવિક પધ્ધતિએ નિરુ પાવા લાગ્યાં. ગાંધીજીએ પ્રવર્તાવેલી સ્વદેશી અને ગ્રામોધ્ધાર ની ભાવનાઓ તેમજ અસ્પૃશ્યતા નિવારણ અને અસહકાર ના આંદોલનોએ અનેક કવિઓ, વાર્તાકારો, નવલકથાકારો, નિબંધકારો, નાટ્યકારો અને અનેક ચિંતન કારોના ચેતન તંત્રને હચમચાવી મૂક્યાં હતાં. વિશ્વશાંતિ, વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વના ગાંધીજીના વિચારો ઝડપથી સ્વીકૃત પામ્યા. ભવ્યતાનીઉચાઇ એથી ઊતરીને સાહિત્ય વિષય વાસ્તવપ્રેમી બન્યો. આકાશ અને સ્વર્ગનાં ઉડ્ડયનો ને બદલે સાહિત્યકારોને હવે ધરતી માતાના ખોળામાં જ જીવન સાફલ્ય સમજાવા લાગ્યું. પાંડિત્ય ભરી સંસ્કૃતપ્રચુર ભાષાને ઠેકાણે હવે નિરક્ષર અને અલ્પશિક્ષિત સામાન્યજન, ખેડૂતો અને કોશિયો પણ સમજી શકે તેવી સાદી – સરળ અને છતાં 'Bullet Shot' તીર જેવી વેધક અને સચોટ ભાષાનાં મંડાણ થયા. સમાસ પ્રચુર, અલંકાર પૂર્ણ, આડંબર શૈલીને સ્થાને હવે સરળ, પારદર્શક છતાં વેગવંતી જોશીલી શૈલીના પગરણ થયા.

ડૉ. મીનેશ્કુમાર ભારુભાઈ ડામોર,આસિસ્ટન્ટ પ્રોફેસર ગુજરાતી,
શ્રી અટર બિહારી વાજપેયી સરકારી અને વિનયન અને વાણિજય કોલેજ, વાંકલ..

ગુજરાતી કાવ્ય સાહિત્યમાં ગાંધીજીનો પ્રભાવ પ્રગાઢ રીતે અનુભવાય છે. 'વિશ્વશાંતિ'ના મંગલ શબ્દથી સર્જનપ્રવૃતિનો આરંભ કરનાર મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી સત્ય, શાંતિ અને અહિંસાનો સનાતન સંદેશ લઈને આવે છે. જ્યાં સુધી આ વિશાળ વિશ્વ મંદિરના એકાદ ખૂણામાં પણ સત્ય, પ્રેમ, સૌન્દર્ય ઘવાતા હોય ત્યાં સુધી વિશ્વમાં અખંડ શાંતિ હોઈ શકે નહિ.

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ.'[૧]

આ કાવ્ય પંક્તિઓ દ્વારા સમકાલીન યુદ્ધગ્રસ્ત – યુદ્ધત્રસ્ત માનવજાતની તીણી ચીસ આલેખીને શાંતિની ઝંખના કવિ વ્યક્ત કરે છે. જીવનના કલાધર ગાંધીજીના આગમનને કવિ આર્ષવાણીથી ઉમળકાભેર વધાવે છે.

"પુણ્યો ફળ્યાં ભારતની પ્રજાના
અહી! મહા ભાગ્ય વસુંધરાના
ગુલામઘેરે વહી મુક્તિગંગા !
ઊડેધ્વજોઅંતર સ્નેહરંગ્યા !"[૨]

સત્ય, અહિંસા અને સ્નેહનાપર્યાયસમા પૂજ્ય બાપુનું વ્યક્તિત્વ સ્થળ – કાળથી પર છે. સમગ્ર વિશ્વ સ્વાર્થ સાધવા રક્તરંજિત બન્યું છે ત્યારે તેઓ સકલ માનવ જાતને પ્રેમનો મંત્ર પઢાવે છે. જેની પ્રતીતિ નીચે મુજબની પંક્તિઓમાં થાય છે.

" તમે તો પૂર્વના છો ના, કે છો પશ્ચિમનાય વા
અહિંસા, સત્ય ને પ્રેમ થોડો છે કોઈ એકના ?
હસાવ્યા ભૂત ને ભાવી, હસાવો વર્તમાનને !
પઢાવો પ્રેમના મંત્રો ઘેલી માનવજાતને !"[3]

'ગંગોત્રી' કાવ્ય ગ્રંથમાં સ્વાતંત્ર્ય યુદ્ધનો ભેરીનાદ 'સુરસંમેલન' તથા' બારણે બારણે બુદ્ધ' જેવાં કાવ્યોમાં સંભળાય છે. 'ધાણીનું ગીત', 'પહેરણનું ગીત' તથા'મોચી' – આદિમાં પીડિતોના સંવેદનોનું હમદર્દીભર્યું નિરૂપણ છે, જેમાં કવિનો સમાજવાદી વિચારસરણી તરફનો ઝોક દેખાશે. 'જઠરાગ્નિ'માં એ ભાવ વધુ ઉગ્ર બને છે. જેમ કે :

'સોનાથાળી'ના કથાકાવ્યમાં ભિખારણ બુલબુલને કહે છે:

'ગીત જીવતા મોત તણા મીઠા આજે તો ગા !'[૪]

આ કથા કાવ્યમાં શ્રમજીવી ની પ્રતિષ્ઠા કરી છે, 'વિશ્વમુખી' અને'વિશ્વ માનવી'માં માનવતાની ઉદા ત્ત ભાવના ભવ્ય કલ્પનામાં મઢાઈને આવે છે. ધનની અસમાન વહેચણીને પરિણામે નીપજતાં અનિષ્ટો માટે એ બીજાની મહેનત પર જીવનાર સૌને જવાબદાર ગણવા લાગ્યો. પતિત દલિતની વચ્ચે ઊભો રહી કવિ એમને ન્યાય અપાવવા ચાહે છે. સમાનતાની આવી ભાવના કવિને કેવો નામ્રોદર બનાવે છે.

'પતિતસમ સાથમાં પતિતસમ થઇ રહું
ક્યાંક એકાંત ખૂણે અદીઠે
ઠેઠ તળિયે પડેલાં તણા પગ ઠરે
પ્રણત મુજ પ્રાણની પાદ્પીઠે'[૫]

'ધોબી' અને'મોચી' કવિના વાસ્તવદર્શી કાવ્યો છે. '૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭' કાવ્યમાં કવિ –

' જે દિવસની અમે રાહ જોતા હતા તે તું છે? આવ

જેનીઉષાનો પાલવ દૂધમલ શહીદો તણા પવિત્ર રક્તથી રંજિત, તે તું છે ?

આવ’[૬]

‘રડો ન મુજ મૃત્યુને!’ કૃતિમાં કવિ રાષ્ટ્રપિતાને કહે છે:

અમે ન રડીને,
પિતા, મરણ આપનું પાવન
કલંકમય દૈન્યનું,
નિજ રડી રહ્યા જીવન.’[૭]

ગાંધીજીની આત્મકથામાં આવતા ‘બાલાસુન્દરમ’ ગિરમીટીયાના નામ પરથી ‘સુન્દરમ’ તખલ્લુસ પસંદ કરનારા કવિ ત્રિભુવન દાસે સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો હતો. દેશની ગુલામી, ગરીબી, અજ્ઞાનતા અને વિષમતાને ફેડવા અને પ્રેમ, શાંતિ સ્થાપવા કવિ સુન્દરમ ગાંધી સેનામાં જોડાયા હતા. આ ગાંધીભાવનાનો આવિષ્કાર તેમની કાવ્યબાનીમાં ઝીલાય છે. ‘પાપીનો નહિ, પણ એના પાપનો તિરસ્કાર કરો, દુષ્ટને નહિ પણ એની દુષ્ટતાને વખોડો’ એ ગાંધીજીની સાત્વિક વિચારણાને શ્રી સુન્દરમે બે જ પંક્તિમાં કેવી સુંદર રીતે વ્યક્ત કરે છે. જુઓ:

‘ હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી’[૮]

આ ગુપ્તબળ એટલે પ્રેમ. પૂ. બાપુએ જીવનભર પ્રેમ જેવાં અમોઘ શસ્ત્રથી રપુના દિલ જીત્યા છે. કવિ જાણે કે પોતાની બાનીમાં બાપુને વ્યક્ત કરતા પ્રતીત થાય છે. તોપ્રેમનોમહિમા‘બુદ્ધના ચક્ષુ’માં ધારદાર રીતે પ્રગટ કરે છે:

‘પ્રભો, તે બી વાવ્યાં જગપ્રણયનાં ભૂમિ – ઉદરે,
ફળ્યાં આજે વૃક્ષો, મરણપથ શું પાપ પળતું!’[૯]

ગાંધીજીના અહિંસક આંદોલનનો એ વખતે થયેલો ચમત્કાર કવિની પાસે ઉપરના ઉદ્ગારો કઢાવે છે. ‘ તકતી અને મોરલી ’, ‘કીકીઓ અને મોતી’ તથા‘ટીંટોડી અને સાગર ’ જેવા રૂપક કાવ્યો અને ‘ભંગડી’ અને‘ત્રણ પડોશી’ જેવાં કથાકાવ્યોમાં બેકાર, કાળી મજૂરી કરતાં ખેડૂતો અને શોષિત શ્રમજીવીઓ ની વેદનાને કવિએ વાચા આપી છે. અહિંસાના સાધક બાપુની હત્યાની ઘટના સમગ્ર વિશ્વમાં હડકંપ મચાવી દે છે. ગાંધીજીની શહીદીથી વ્યથિત કવિ વેધક સવાલ કરે છે.

‘હતા ગાંધી, એને ગત કરી, પ્રભો! તેં રુદનને
વધાર્યા, ક્યારેયે રુદન સ્મિતમાં નાં પલટશે.’[૧૦]

આમ, કવિ સુંદરમની કવિતામાં ગાંધી ચિંતન – દર્શનનો ઘેરો પ્રભાવ જણાય છે.

ગાંધીજીને પચાસ વર્ષ થયા ત્યારે કવિવર ન્હાનાલાલે ‘સૌરાષ્ટ્રીઓ’ નામે કાવ્ય પ્રગટ કર્યું, એ અત્યારે સમજવા જેવું છે. કારણ કે છેક ૧૯૧૯ માં ગુજરાતના કવિવરની પ્રતિભાને ગાંધીજીના વ્યક્તિત્વે કેવી રીતે પ્રેરી હતી તેનો ખ્યાલ આવે છે.

‘ સૌરાષ્ટ્રીઓ ! સહુ સુણજો,
સોરઠ સાધુસૂનો થતો જાય છે.
ને એ સાધુયેગયો,

સાન્તતજી અક્ષરમાં
એ ગયો અવનીમાંથી ઉપર'[૧૧]

અને ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વની પ્રતીતિ કરાવતાં કહે છે કે,

'સિંહને શસ્ત્ર શાં ? વીરને મૃત્યુ શાં ?
મૃત્યુનાં અમૃતને ઓળખો છો.
શાન્ત છો, દાન્ત છો, ધીર છો, વીર છો;
સુભટ છો સજ્જ નિઃશસ્ત્રતાથી.
ધર્મધ્વજ તમ ખડા, શસ્ત્ર સ્હામાં વડાં;
શ્રીહરિ સત્યના સમર સાથી.'[૧૨]

પ્રશ્નાર્થથી શરુ થયેલ ઉપર્યુક્ત પંક્તિમાં ગાંધીજી ને સત્યરૂપી પરમેશ્વર ના સાચા સાધક તરીકે પ્રસ્તુત કરે છે.'રાષ્ટ્રીયશાયર'નું બિરુદ પામેલા મેઘાણીની દેશભક્તિ અનન્ય ગણી શકાય. ત્રીસીની લડત વખતે એમના 'સિંધુડો'એ જનતાને દેશભક્તિનો એવો પાનો ચડાવ્યો હતો કે તે વખતની સરકારને આ પુસ્તક જપ્ત કરવું પડ્યું હતું. પોતાના બુલંદ શૌર્યોત્તાજક કંઠથી અને કાવ્યથી ચોતરફ અહિંસક યુયુત્સાની આગ ફેલાવતા આ વીર કવિને જૂઠા આરોપ મૂકીને પકડવામાં આવ્યા અને હજારોની મેદની વચ્ચે ધંધુકાની અદાલતમાં તેને બે વર્ષની સજા ફટકારવામાં આવેલી. ત્યારે તેમણે અદાલતમાં આઈરિશ વીર મેક્સ્વીની 'છેલ્લી પ્રાર્થના' એવીદર્દીલી આર્જવભરી વાણીમાં ગાઈ હતી.

'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ
કલેજા ચીરતી કંપાવતી આમ ભયકથાઓ
મરેલાનાં રુધિર ને જીવતાંના આંસુડાઓ
સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુ ઓ !'[૧૩]

કવિના આ ઉદ્ગારોએ મુસલમાન ન્યાયાધીશની આંખને પણ આંસુથી છલકાવી દીધી હતી. ઈ.સ. ૧૯૩૧માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં જવા તૈયાર થયા તે વખતે સમગ્રભારતીયજનો વતી વિનંતી કરતાં ગાયું છે કે,

'છેલ્લો કટોરો ઝેરનો આ: પી જજો બાપુ !
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો, બાપુ!'[૧૪]

આ 'છેલ્લો કટોરો' કાવ્ય વાંચીને ગાંધીજીએ કહ્યું હતું કે, 'મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદ્દન સાચું છે.'

સ્વાતંત્ર્ય યુદ્ધ વખતે 'શિવાજીનું હાલરડું', તલવારનો વારસદાર', 'કોઈનો લાડકવાયો', 'સૂના સમંદરની પાળે' ઇત્યાદિ એકેકથી પ્રેરક કાવ્યો રચીને અને પ્રજા સમક્ષ ગાઈને મેઘાણીએ 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ સાર્થક કરી બતાવ્યું છે. સ્વાતંત્ર્ય સૈનિકોની કૂચકદમની એમના ઉત્સાહી પગલાં પાડતી હોય એવી પંક્તિઓ જુઓ:

'આગે કદમ ! આગે કદમ! આગે કદમ !
યારો ફનાના પંથ પર આગે કદમ !'[૧૫]

તો'ધણ રે બોલે' હિંસક યુદ્ધની નિરર્થકતા દર્શાવી યુદ્ધનાં શાસ્ત્રોને ખેતી નાં ઓજારોમાં પરિવર્તન કરતાં કહ્યું કે,

'ખાંડી ખાંડી ઘડો હળ કેરા સાજ !
ઝીણી રૂડી દાંતરડીનાં રાજ'[૧૬]

ગાંધીજીની સ્વદેશી ની ભાવનાએ મેઘાણીને સોરઠની ધરતીનું ઘેલું લગાડ્યું અને તેઓ કલકત્તા છોડી સૌરાષ્ટ્રના ગામડે ગામડે ફરી અત્યંત પરિશ્રમપૂર્વક લોકગીતો અને લોકકથાઓએકત્ર કરી. સૌરાષ્ટ્રના ખમીરવંતા ઈતિહાસને અને તેની બળવાન વ્યક્તિત્વને પુનર્જીવિત કર્યું. પીડિતોના ગીતો પણ તેમણે રચ્યાં. આમ, ઉપેક્ષિત જનસમાજ અને અશિષ્ટ ગણાતા વિષયો પણ તેમના કાવ્યના વિષય બન્યા.

ગાંધીજીએ જગવેલી સ્વાતંત્ર્ય નાદને શ્રીધરાણીએ સત્તર વર્ષની વયે કવિતાના પાત્રમાં ઝીલીને ભારતભૂમિનાં સંતાનોને જાગ્રત કરવાનું કામ કર્યું. તેમણે‘સપૂત’ કાવ્યમાં જુવાન ડોસલાની દાંડીકૂચ વેળાની દ્રઢતા અને સાત્વિક ખુમારીનું વર્ણન કર્યું છે.

‘પુત્ર-દાર!
જન્મ મૃત્યુના જુહાર !
જંપવું ન, જાલીમોયજંપશે ન, સૌ ખુવાર !’

‘ખાલી ખપ્પર’ અને‘જવાન’ જેવાં કાવ્યોમાં કવિની વાણી સ્વાતંત્ર્યોત્સાહના તેજ પ્રગટ કરે છે. તો‘પૂજારી’, ‘મંદિર’ અને‘દેવ’ માં આપણી રૂઢિજડતાથી પીડિતો અને દલિતોનું કેવું ઘોર અપમાન થઇ રહ્યું છે તે તરફ અંગુલીનિર્દેશ થયો છે; અને તેમાં ક્રાંતિકારી ભાવના પણ ભરી છે.

આમ, ખુદ ગાંધીજીને અનુલક્ષીને પણ અનેક કાવ્યો જુદાજુદા સ્વરૂપમાં મળે છે. શ્રીધરાણીના‘ગાંધીજીને’ (પૃ. ૧૩૫ ), ‘પળે પાછો ’ (પૃ. ૧૩૮-૧૪૧), ‘સપૂત’(પૃ. ૧૫૬ -૧૫૭), ‘દાંડીને’ (પૃ . ૧૫૮ ), ‘મોહન પગલાં’ (પૃ. ૧૫૯-૧૬૫), ‘યુગવણકર’ (પૃ.૨૫૭), ‘સત્યાગ્રહ’ (પૃ.૨૭૮-૨૭૯) કાવ્યો‘કોડિયા’ કાવ્ય ગ્રંથમાં સમાવિષ્ટ થયેલ છે. શ્રી તનસુખ ભટ્ટનું ‘દાંડીયાત્રા’, પૂંજાલાલનું ‘મહાત્મા ગાંધી’, ‘સ્વાતંત્ર્યનું પંખી’, કરસનદાસ માંનેકનું ‘બાપુને’ તથા કલ્યાણયાત્રી’, પ્રિય કાન્ત મણિયાર નું‘તમે ગાંધીજીને જોયા હતા ?’, પંકજનું‘જીવન શિલ્પીને ’, પ્રહલાદ પારેખનું ‘ગાંધીજીને’ ચંદ્રવદન મહેતાનું ‘અમર રહો ગાંધીજી ’, ‘સ્વતંત્રતા!સ્વતંત્રતા!’, શ્રી રમેશ શ્રી જાનીનું ‘બાપુને’ વગેરે એમના મૃત્યુ પછી પણ પ્રગટ થયેલ.અરદેશર નો ‘ગાંધી બાપુ ’ કાવ્ય સંગ્રહ, શ્રી મંગળદાસ જ. ગોરધનદાસનું‘મહત્યાયન’ અને મીનું દેસાઈનું ‘બાપુ’ (કરુણપ્રશસ્તિ ) તથા શ્રી જશભાઈ કા. પએલનું‘સ્વ.બાપુને’ વગેરે અનેક કાવ્યો રચાયા છે.

ગાંધીજીએ સમગ્ર જીવન જે સાદાઈ, ગરીબાઈ અને પળેપળેનો ઉપયોગ કરીને કર્તવ્યરત રહી દેશસેવામાં જ ગળ્યું હતું. તે એમના મૃત્યુ પછી શ્રી હસમુખ પાઠકે કાઢેલા ઉદ્ગારો કેટલા સમર્થ રીતે વ્યક્ત કરી જાય છે:

‘આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય,
ગાંધી કદી સૂતો ન’તો.’[૧૭]

‘સંસ્મૃતિ’માં શ્રી નિરંજન ભગતેતો કહી દીધું.

‘મૃત્યુ પણ મૌન ધરી ગયું જે ક્ષણે
એ ક્ષણોને વૃથા વાણી તે શું વણે.’[૧૮]

આમ, ગાંધીજી કવિ ન હતા, પણ ગુજરાતી કવિતા સાહિત્ય માં ગાંધીજીનું જીવન અને દર્શન સાદ્યંત ઊપસી રહ્યું છે.

**સંદર્ભગ્રંથ:**


૧. ચંદ્રકાંત શેઠ, ઉમાશંકર જોશી,૨૦૧૦ પૃ. ૨૨

૨. ઉદ્ધૃત: ધીરુભાઈ ઠાકર, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા – ગાંધીયુગ અને અનુ ગાંધીયુગ,૨૦૦૬, પૃ.૧૭૩

૩. એજન, પૃ. ૧૭૪

૪.એજન, પૃ. ૧૭૫

૫.એજન, પૃ. ૧૭૬

૬.એજન, પૃ. ૧૮૨

૭.એજન, પૃ. ૧૮૩

૮. સુન્દરમ, કાવ્ય મંગલા, શ્રાવણ – ૨૦૨૦, પૃ.૧૮

૯.ઉદ્ધૃત: ધીરુભાઈ ઠાકર, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા – ગાંધીયુગ અને અનુ ગાંધીયુગ,૨૦૦૬, પૃ.૧૫૬

૧૦. સંસ્કૃતિ, ઓક્ટોબર,૧૯૫૬

૧૧. ન્હાનાલાલ દલપતરામ કવિ, ચિત્રદર્શન,૧૯૭૭, પૃ. ૮૬

૧૨.ઉદ્ધૃત: ધીરુભાઈ ઠાકર, અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા – ગાંધીયુગ અને અનુ ગાંધીયુગ,૨૦૦૬, પૃ.૧૪૩

૧૩.એજન, પૃ. ૨૬૦

૧૪.એજન, પૃ. ૨૬૦

૧૫. મેઘાણી ઝવેરચંદ, યુગવંદના, પુનર્મુદ્રણ,૨૦૦૦, પૃ.૧૯

૧૬.એજન, પૃ. ૫૯

૧૭. ડૉ. રમેશ ત્રિવેદી , અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ૧૯૯૩-૯૪, પૃ.૩૩૦

૧૮. ડૉ. રમેશ ત્રિવેદી , અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ૧૯૯૩-૯૪, પૃ.૩૦૪